૬૦૨/૨,૯૯૦

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૭ જૂન, ૨૦૦૯)**

(સમય : બપોરે ૨ : ૦૦ થી ૫ : ૦૦) **સત્સંગ પ્રવીણ - ૨**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** (કુલ ગુણ : ૧૦૦)

**વિભાગ-૧ : કિશોર સત્સંગ પ્રવીણ - સાતમી આવૃત્તિ, જુલાઈ - ૨૦૦૭**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''મહારાજ જેમ આજ્ઞા કરશે તેમ કરીશું.'' (૮૮)
૨. ''જો જીવના કૃત્ય સામું જોઈએ તો કોઈ જીવનો મોક્ષ થાય નહીં.'' (૨૨)
૩. ''આ પાણીના ઘડામાં આપ પગ બોળો.'' (૭૩)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (બારેક લીટીમાં)** [૯]

૧. બંગાળના આશ્રમમાં ચંદ્રમા જેવો શીતળ પ્રકાશ આવ્યો. (૬૧)
૨. શ્રીજીમહારાજે ૪૦૦ સંતોને સુરત મોકલી દીધા. (૨૮)
૩. ઉકાખાચર સભામાં મોડા આવ્યા. (૧૦)
૪. પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતનું ધ્યાન થઈ શકે. (૪૧-૪૨)

**પ્ર.૩ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** [૮]

૧. ભક્તરાજ મગનભાઈ (૯૪) **અથવા** ૨. સંપ્રદાયનાં તીર્થો (૨૨)
૩. કલ્યાણ (૯૦) **અથવા** ૪. વચનામૃત (૩૨)

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૬]

૧. સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓની સમાજમાં શા માટે નિરાળી છાપ છે ? (૧૪)
૨. શ્રીજીમહારાજ પોઢી ગયા પછી જેઠા મેરે તેમની સ્ત્રીને શું કહ્યું ? (૫૧-૫૨)
૩. ઉકા ખાચર આખા સંપ્રદાયમાં શા માટે પ્રસિદ્ધ છે ? (૧૧)
૪. ગણપતિજી કેમ મૂંઝાયા ? (૬૬)
૫. અન્ન અને દ્રવ્યની શુદ્ધિ ક્યારે થાય ? (૩)
૬. કૃપાનંદ સ્વામીને સર્પ કરડતાં તેમણે શું કહ્યું ? (૫૪)

**પ્ર.૫** ''દુઃખ કોઈ માનશો નહિ.....'' (૮૦) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** [૫]

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** [૫]

**વિષય :- માનસી પૂજા (૪૪-૪૫)**

**૧.** તે પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ ને ધામની મૂર્તિ તે બેયમાં લગાર પણ ભેદ ન જણાય. **૨.** ઋતુ અનુસાર ભોગ ધરાવવા, વસ્ત્રો ધારણ કરાવવાં ને સેવા કરવી. **૩.** ભગવાનનું સમીપપણું અનુભવાય છે. **૪.** ભગવાનની માહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિએ સહિત કરવી. **૫.** એવું ભગવાન ને ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે. **૬.** અષ્ટાંગ યોગમાં સાતમું અંગ છે. **૭.** ભક્તને ભગવાનને વિષે હેત વૃદ્ધિ પામે છે ને તેના જીવને બહુ સમાસ થાય છે. **૮.** પૂર્વમુખે અથવા ઉત્તરમુખે બેસી આત્મવિચાર કરવો. **૯.** અક્ષરમાં રહ્યા છે તેવા બીજા કોઈમાં રહ્યા નથી. **૧૦.** આ ને આ જન્મે ઉત્તમ ભક્ત થાય છે.

**ફક્ત નંબર :-** ☐ ☐ ☐ ☐ ☐

**પ્ર.૭ નીચે આપેલી પંક્તિ પૂર્ણ કરો.** [૮]

૧. સત્સંગી જે તમારા ....... અમને ન નડે. (૭૭)
૨. વહાલા તારી નાભિ ....... નવ કહું રે લોલ. (૬૫)
૩. કલ્પતરુ સર્વના ....... તત્કાળ ત્યારે. (૧૬)
૪. હોત પાલન પ્રલય ....... પુરુષ અકામી. (૯)

**પ્ર.૮ નીચે આપેલાં જનમંગલનામાવલિ/અષ્ટક/શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો.** [૬]

૧. परमहंसाय नमः ......... ध्याननिष्ठाय नमः ॥ (૪૭)
૨. सद्ग्रन्थ ......... शरणं प्रपद्ये ॥ (૨૭)
૩. अहो बत श्वपचोऽतो ......... गृणन्ति ये ते ॥ - શ્લોકનું ગુજરાતી ભાષાંતર કરો. (૯૩)

**વિભાગ-૨ : ગુણાતીતાનંદ સ્વામી - આઠમી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૮**

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''અહો સાધુરામ ! રોજ આટલી ભૂખ વેઠો છો ?'' (૩૧)
૨. ''તે મોટી હવેલીઓમાં રહેશે ને હજારો ભક્તોના નિયંતા થશે.'' (૧૦)
૩. ''ત્યાં મારે કોઈની ઓળખાણ નથી.'' (૬૬)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (નવેક લીટીમાં)** [૯]

૧. વસ્તો વારંવાર જૂનાગઢ ભાગી આવતો. (૬૭)
૨. અમદાવાદના પીતાંબરદાસ સાધુ વિજ્ઞાનદાસજી બન્યા. (૭૬)
૩. વરતાલમાં શુકમુનિએ ગુણાતીતાનંદ સ્વામીને અક્ષર કહેવાની ના પાડી. (૭૭)
૪. વાસુદેવચરણદાસને શાંતિનો અનુભવ થયો. (૫૮-૫૯)

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** [૮]

૧. જૂનાગઢ મંદિરની મહંતાઈ આપી (૪૧) ૨. રંકમાંથી રાય (૬૨) ૩. બાળચરિત્રો (૩)

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૬]

૧. મૂળજી શર્માનાં માતા-પિતાનું નામ શું હતું ? (૧)
૨. ગુણાતીતાનંદ સ્વામીના જામીન થતાં મહારાજે શું કહ્યું ? (૪૧)
૩. ગુણાતીતાનંદ સ્વામીના મુખેથી શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાની વાતો સાંભળી ગોપાળાનંદ સ્વામી શું કહેતા ? (૪૯)
૪. મૂળજી ભક્ત ગૃહત્યાગ કરી મહારાજને કયા ગામે મળ્યા ? (૧૫)
૫. મહારાજ ક્યારે ધામમાં પધાર્યા ? (૪૬)
૬. ગુણાતીતાનંદ સ્વામીને શું જમતાં જોઈ નાગર ભક્ત નિઃસ્વાદી થયા ? (૬૪)

**પ્ર.૧૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** [૪]

૧. 'સાધુ જમનારા સારા છે.' (૨૬) ૨. મારું કહ્યું એક જોગી ફેરવી શકે ! (૪૮) ૩. સંત પારસ ચંદન બાવના (૭૫)

**પ્ર.૧૪ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ગુણાતીતાનંદ સ્વામીએ કોનું કોનું પરિવર્તન કર્યું ? (૨૮, ૫૨, ૭૬)
(૧) ☐ મુંજો સુરુ (૨) ☐ વાલેરો વરુ (૩) ☐ પિતાંબરદાસ (૪) ☐ જોબન પગી

૨. ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્યો કયા હતા ? (૭૪)
(૧) ☐ શિવલાલ શેઠ (૨) ☐ હંસરાજ પટેલ
(૩) ☐ બાળમુકુંદદાસજી (૪) ☐ સ્વામી યજ્ઞેશ્વરદાસજી

૩. ગુણાતીતાનંદ સ્વામી સંતોને કયા હરિભક્તોનો સમાગમ કરવા માટે કહેતા ? (૬૪)
(૧) ☐ કમીગઢનો રયો દેસાઈ (૨) ☐ વંથળીના કલ્યાણભાઈ
(૩) ☐ બગસરાનો રામ ભંડેરી (૪) ☐ હામાપરના કરસન બાંભણિયો

૪. ગુણાતીતાનંદ સ્વામીના મુખેથી પ્રસંગોપાત બોલાયેલાં વાક્યો (૨૮, ૬૫, ૭૭)
(૧) ☐ 'ગુરુ સોળ આની વર્તે ત્યારે શિષ્ય એક આની વર્તે.' (૨) ☐ 'કહ્યા વિના માણસ પોતાના ગુણદોષ જાણી શકે નહિ.'
(૩) ☐ 'મીઠા વ્હાલા કેમ વિસરો, મારું તમથી બાંધેલ તન હો....' (૪) ☐ 'જેટલામાં રાજાનું રાજ્ય, તેટલામાં રાણીનું રાજ્ય.'

**નોંધ :- ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૫ જુલાઈ, ૨૦૦૯ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો.**

❊ ❊ ❊